शिक्षा मंत्रालय
MINISTRY OF
**EDUCATION**

सत्यमेव जयते

कौशल विकास और उद्यमशीलता मंत्रालय
Ministry of **Skill Development**
**And Entrepreneurship**

सत्यमेव जयते

# ભારતીય ભાષા પ્રૌદ્યોગિક પરિષદ

## તારીખ: ૩૦ સપ્ટેંબર અને ૧ ઓક્ટોબર ૨૦૨૩

### સ્થળ: ડૉ આંબેડકર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર, જનપથ, નવી દિલ્હી

https://technology-bharatiyabhasha.aicte-india.org/

### પ્રૌદ્યોગિક અને ભારતીય ભાષા પરિષદ વિષે:



પ્રૌદ્યોગિક અને ભારતીય ભાષા પરિષદ ત્રણ મુદ્દાઓ પર ભાર આપે છે "ભારતીય ભાષાઓ માટે પ્રૌદ્યોગિક વિજ્ઞાન, ભારતીય ભાષાઓમાં પ્રૌદ્યોગિક વિજ્ઞાન, ભારતીય ભાષાઓ દ્વારા પ્રૌદ્યોગિક વિજ્ઞાન". ભારતીય સરકાર ના શિક્ષણ મંત્રાલયના માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયન લેંગ્વેજીસ (CIIL), યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC), ઓલ ઈન્ડિયા કાઉન્સીલ ફોર ટેક્નિકેલ એડયુકેશન (AICTE), નેશનલ એડયુકેશન ટેક્નોલોજી ફોરમ (NTEF) ભારતીય ભાષા સમિતિ(BBS), નેશનલ કાઉન્સીલ ઓફ એડયુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT), નેશનલ કાઉન્સીલ ફોર વૉકેશનલ એડયુકેશન એન્ડ ટ્રેનિંગ (NCVET) અને નેશનલ કાઉન્સીલ ફોર ટીચર્સ એડયુકેશન (NCTE) દ્વારા સંયુક્ત ક્રમે આયોજિત કરવામાં આવેલ છે.આ પરિષદ નો ઉદ્દેશ સંકળાયેલ દરેક પક્ષને ૩૦ સપ્ટેંબર અને ૧ ઓક્ટોબર ૨૦૨૩ દરમ્યાન ડૉ આંબેડકર અંતરરાષ્ટ્રીય કેન્દ્ર, જનપથ, નવી દિલ્હી ખાતે એક મંચ પર લાવીને પ્રત્યેક ભારતીય ભાષાના ઉપયોગના સઘળા ક્ષેત્રમાં પ્રાદ્યોગિકીનો ઉપયોગ કરવાના રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ના ઉદ્દેશોને સાકાર કરવાના વિકલ્પો ઉપર  વિચાર વિમર્શ કરવાનો છે.

નવી દિલ્હીમાં યોજાનારી આ પરિષદમાં ૧૦૦૦ જેટલા પ્રતિનિધિઓના ભાગ લેવાની અપેક્ષા છે.આ પરિષદમાં પ્રેસેંટેશન્સ, પેનલ ચર્ચા, પ્રદર્શનો, નેટવર્કિંગની તકો, ભાષા માટે પ્રૌદ્યોગિક વિજ્ઞાન અને ભાષામાં પ્રૌદ્યોગિક વિજ્ઞાન પર કામ કરનારા તજજ્ઞો અને સંસ્થાઓ, AI અને MI સંશોધકો, એજ્યુ-ટેક કંપનીઓ, સ્ટાર્ટઅપસ, ઉપયોગ કરનારાઓ તેમજ આવી નીતિ ઘડનારાઓ શામેલ થશે. પરિષદ વિચારોના આદાન -પ્રદાન તેમજ સહયોગ માટે સુવિધા પુરી પાડશે તેમજ ભારત અને વિશ્વમાં ભાષામાં પ્રૌદ્યોગિક વિજ્ઞાનના પ્રચાર-પ્રસાર, સંશોધન અને નવીનીકરણને પ્રોત્સાહન આપશે.

## પરિષદ નો વિષય:


શિક્ષણની તકોના વિસ્તરણ માટે, સમાવેશી શિક્ષણ અને વિવિધતાના મુદ્દાઓને સુલઝાવવા તેમજ શિક્ષણની પહોંચ, ગુણવત્તા, પરવડે તેવું શિક્ષણ, અને જવાબદાર શિક્ષણ વ્યવસ્થા માટે રાષ્ટ્રિય શિક્ષણ નીતિ ૨૦૨૦ શિક્ષણના પ્રૌદ્યોગિકરણ માટે ખુબ ભાર મૂકે છે.

પરિષદનો હેતુ ભારતીય ભાષાઓના હાલના દરજ્જાને ધ્યાનમાં ન લેતા સમાન મહત્વ આપવાનો છે. તેનો હેતુ પ્રૌદ્યોગિક વિજ્ઞાનો ઉપયોગ કરીને હાલની ભાષા પદ્ધતિમાંથી ભારતીય ભાષા પદ્ધતિમાં ઢાળવાનું સુલભ માળખું ઘડવાનો છે.ભાષા અને પ્રૌદ્યોગિકીના સંદર્ભમાં ત્રણ મુખ્ય મુદ્દાઓ પર ભાર આપવામાં આવ્યો છે.

- ભારતીય ભાષાઓ માટે પ્રૌદ્યોગિક વિજ્ઞાન
- ભારતીય ભાષાઓમાં પ્રૌદ્યોગિક વિજ્ઞાન
- ભારતીય ભાષાઓ દ્વારા પ્રૌદ્યોગિક વિજ્ઞાન

## ભારતીય ભાષાઓ માટે પ્રૌદ્યોગિક વિજ્ઞાન:

વિષયના આ પાસાનો હેતુ ભારતીય ભાષાઓમાં શિક્ષણ, પરિક્ષણ, પ્રશિક્ષણ અને ભાષાંતરના ક્ષેત્રમાં પ્રૌદ્યોગિક વિજ્ઞાનના ઉપયોગ કરવાનો છે. શિક્ષણમાં ભારતીય ભાષાઓના ઑન્લાઈન તેમજ ઑફ્લાઇન શિક્ષણ, ભણતર તેમજ શિક્ષણના સંસાધનો વિકાસ, શિક્ષણશાસ્ત્ર વગેરે નો સમાવેશ થાય છે. પરિક્ષણમાં ભારતીય ભાષાઓના ભાષાકીય પ્રભૂત્વની ચકાસણી અને ચકાસણીની પદ્ધતિઓનો સમાવેશ થાય છે. પ્રશિક્ષણમાં પેહલાના તેમજ હાલના ભાષાના તેમજ અન્ય વિષય શિક્ષકો, માસ્ટર ટ્રેનર્સ, ભારતીય ભાષાઓના પાઠ્યપુસ્તક લેખકો તેમજ ભાષાકીય આંકલનમાં જોડાયેલા તજજ્ઞોનું પ્રૌદ્યોગિક વિજ્ઞાનના ઉપયોગ માટે પ્રશિક્ષણ ઉપરાંત અનુવાદમાં ભારતીય ભાષાના પ્રશિક્ષિત અનુવાદકોનો બહોળો સમુદાય બનાવીને ભાષાંતર ને એક ઉધોગ તરીકે વિકસાવવાનો છે. જેથી ભાષાંતરમાં, ભાષાંતરની ડિજિટલ પોથીઓ અને ભારતીય ભાષામાં પાઠ્ય પુસ્તકોમાં પ્રૌદ્યોગિકી વિજ્ઞાનની જરૂરિયાત તપાસી શકાય.



## ભારતીય ભાષાઓમાં પ્રૌદ્યોગિક વિજ્ઞાન:

ભારતીય ભાષાઓમાં પ્રૌદ્યોગિક વિજ્ઞાનએ એવું એક ક્ષેત્ર છે જેમાં ભારતીય ભાષાઓના હાર્ડવેર અને સોફ્ટવેર સંસાધનો વિકસાવવામાં ઘણું પાછળ છે. આનો મતલબ એવો થાય છે કે જાહેર અને ખાનગી ક્ષેત્ર દ્વારા ભારતીય ભાષાઓમાં સ્વદેશી સંચાલન વ્યવસ્થા, મશીન લર્નિંગ, કોડ અને પ્રોગ્રામ્સ લખવામાં, સર્વગ્રાહી સ્વીકાર માટેના મધ્યવર્તી ધારાધોરણ ઘડવામાં, બહુસ્તરીય OS વિકસાવવામાં, વેબ માટેના માનક ધોરણ નક્કી કરવા માટે, મોબાઈલ એપ વિકસાવવા માટે, AR આધારિત મંચ વિકસાવવા માટે, ભાષાંતરના સંસાધનોના વિકાસ અને સુધારાઓ માટે, AR/VR/MVR/ સિમ્યુલેશન/ ડિજિટલ જોડાણ માટે, છાપકામ અને સોશિયલ મીડિયા માટે માર્ગદર્શિકાઓ અને માનક ધોરણ વગેરે માટે સંશોધન કરવા માટે જંગમ રોકાણની જરૂરત છે. મુખ્ય આશય  બધા હિસ્સેદારોને સાથે લાવીને સંસાધનોને સ્થાનિક ધોરણે ફાળવીને ભારતીય ભાષાઓમાં સત્તત પ્રૌદ્યોગિક વિકાસ કરીને મુખ્ય પ્રવાહમાં ભેળવવાનો છે.

## ભારતીય ભાષાઓ દ્વારા પ્રૌદ્યોગિક વિજ્ઞાન:

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ મુજબ ભારતીય ભાષાઓના પ્રૌદ્યોગિક વિજ્ઞાન દ્વારા એન્જિનિરીંગ, મેડિકલ, કાયદાકીય અને અન્ય પ્રોફેશનલ અભયસક્રમો ઉપરાંત શાળાકીય શિક્ષણમાં, ઉચ્ચ શિક્ષણ વડે  ડિસ્ટન્સ એડયુકેશનમાં ભારતીય ભાષાઓ દ્વારા શિક્ષણ આપીને પરિવર્તન લાવવાનો છે.આનો મતલબ ભણતરની સામગ્રીનો ભારતીય ભાષામાં વિકાસ, સમગ્ર શૈક્ષણિક સંકુલોનો સમન્વય, શાળાકીય શિક્ષણ સંસ્થાઓ, ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ, પ્રૌદ્યોગિક શિક્ષણ સમિતિઓ, એડયુટેક અને ફિંનટેક વ્યાપારી સંસ્થાઓ, વગેરેનો સમન્વય સાધવો જરૂરી બને છે. જેથી કરીને ડિજિટલ પાઠ્ય પુસ્તકો, ભણતરની સામગ્રી, શબ્દકોશો અને સંપુટો તેમજ કૌશલ્ય વિકાસના અભ્યાસક્રમ, પ્રૌદ્યોગિકીના અભ્યાસક્રમ શાળાઓમાં, વૉકેશનલ શૈક્ષણીક સંસ્થાઓમાં, મહાવિદ્યાલયોમાં તેમજ પ્રોફેશનલ શૈક્ષણિક સંસ્થાઓ જેવીકે IITs, NIT, IIIT, IIM, IISEઓમાં ભારતીય ભાષાઓમાં વિકસાવી શકાય.

## પરિષદના મુખ્ય મુદ્દાઓ:

- પ્રૌદ્યોગિક વિજ્ઞાનની મદદથી ભારતીય ભાષાઓમાં શિક્ષણ પ્રદાન કરવા માટેના માર્ગ શોધવા ભારતીય ભાષાઓના પ્રૌદ્યોગિક સંસાધનો માટેના ક્ષેત્રો અગ્રતાના ધોરણે ઓળખવા
- પ્રખરતાના ક્રમે ભારતીય ભાષાઓના પ્રૌદ્યોગિક ઉપકરણો ની આવશ્યકતા હોય તેવા ક્ષેત્રો શોધવા
- ભારતીય ભાષાઓમાં શૈક્ષણિક સામગ્રીઓના શિક્ષણ, પ્રશિક્ષણ, પરીક્ષણ અને અનુવાદમાટે પ્રૌદ્યોગિકી નું સંકલન
- ભારતીય ભાષાઓમાં થયેલા નવતર પ્રૌદ્યોગિક વિકાસનું પ્રદર્શન
- જેમાં ભારતીય સંજ્ઞા ભાષા તેમજ બ્રેલ લિપિમાં થયેલ પ્રૌદ્યોગિક વિકાસનો સમાવેશ
- ભારતીય ભાષાઓનો જાહેર અને ખાનગી ક્ષેત્રોમાં પ્રૌદ્યોગિકી દ્વારા પ્રચાર અને પ્રસાર
- ભારતીય ભાષાઓમાં, દ્વારા અને માટે પ્રૌદ્યોગિકીના વિકાસની સ્થિતિ તેમજ પડકારોને સમજવા

## અપેક્ષિત પરિણામ:

આ પરિષદ ભારતીય ભાષાઓમાં, દ્વારા અને માટે પ્રૌદ્યોગિકી વિજ્ઞાનના વિકાસ અને ઉપયોગ માટે
એક રૂપરેખા ઘડશે

## ભાગ લેવા માટે:

શૈક્ષણિક, ઔદ્યોગિક અગ્રણીઓ, તજજ્ઞો, ભાષાવિદ્, ભાષા તજજ્ઞ, એજ્યુ ટેક– ફિન ટેક સ્ટાર્ટ અપ કંપની, રાજ્ય સરકારો, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, ભાષાકીય સંશોધકો અને વિકાસ કરનારાઓ, નીતિ ઘડનારાઓ અને અમલમાં મુકનારો આ પરિષદમાં ભાગ લેવા માટે આમંત્રિત છે.

## નોંધણીની પ્રક્રિયાઃ

https://technology-bharatiyabhasha.aicte-india.org/ પર નોંધણી કરો

પરિષદમાં ભાગ લેનારાઓને મર્યાદિત સંખ્યામાંઆમંત્રિત કરાશે

શામેલ થવા માટેની નિશ્ચિત નોંધણી યોગ્ય સમયે કરવામાં આવશે.


**<u>સંપર્કની વિગતો:</u>**

પ્રૉ શૈલેન્દ્ર મોહન
**નિર્દેશક**
**ભારતીય ભાષા સંસ્થા**
માનસગંગોત્રી , હુંસુર રોડ
મૈસુરુ 570006, કર્ણાટક, ભારત

ફોન નંબર : +91 821 2345000, +91 821 2345006
ફેક્સ નંબરઃ 91 821 2515032
ઈ–મેલ : director-ciil@gov.in